



# અશ્વનીએ અર્જુન તેન્ડુલકરનો રસ્તો રોકી દીધો

## સત્યનારાયણ રાજુને બે મૅચ રમવા મળી, પણ તેન્ડુલકર જુનિયરને નથી રમવા મળ્યુંઃ રીસ ટૉપ્લી પણ કતારમાં છે

મુંબઈઃ 'ક્રિકેટના ભગવાન' તરીકે ઓળખાતો સચિન તેન્ડુલકર આ વખતની આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની પહેલી બે મૅચ વખતે ટીમના ડગઆઉટમાં નહોતો જોવા મળ્યો, પણ સોમવારે વાનખેડે સ્ટેડિયમમાં એમઆઇ અને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વચ્ચેની મૅચ વખતે જોવા મળ્યો હતો, પરંતુ તેનો પુત્ર અર્જુન તેન્ડુલકર આ ત્રીજી મૅચ માટેની ટીમમાં પણ ન જોવા મળ્યો.



અર્જુન તેન્ડુલકર પચીસ વર્ષનો છે અને લેફ્ટ-આર્મ પેસ બોલિંગ ઑલરાઉન્ડર છે. તે આઇપીએલમાં એમઆઇ વતી કુલ પાંચ મૅચ રમ્યો છે જેમાં તેણે ત્રણ વિકેટ લીધી છે અને ૧૩ રન કર્યા છે. ગયા વર્ષે એમઆઇએ અર્જુનને ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદ્યો હતો. અર્જુનને આ વખતે એમઆઇની પ્લેઇંગ-ઇલેવનમાં જલદી સ્થાન મળે એની સંભાવના હતી, પરંતુ સોમવારે વાનખેડેના મેદાન પર જે કંઈ બની ગયું એ જોતાં અર્જુનનો રસ્તો હવે આડકતરી રીતે રોકાઈ ગયો હોય એવું લાગે છે. કારણ એ છે કે મોહાલીથી આવેલો ૨૪ વર્ષનો લેફ્ટ-આર્મ પેસ બોલર અશ્વની કુમાર ચમકી ગયો છે અને થોડો સમય ટીમમાં સ્થાન પાક્કું કરી લીધું છે એમ કહી શકાય.

અશ્વનીએ સોમવારે કેકેઆરની ૨૪ રનમાં ચાર વિકેટ લીધી હતી અને તેણે મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો. તેણે અજિંક્ય રહાણે, રિન્કુ સિંહ, મનીષ પાન્ડે અને આન્દ્રે રસેલને સસ્તામાં પૅવિલિયનમાં પાછા મોકલ્યા હતા.

જસપ્રીત બુમરાહની ગેરહાજરી એમઆઇને સતાવી રહી છે. જોકે એમઆઇ પાસે હાલમાં પેસ બોલિંગમાં ટ્રેન્ટ બૉલ્ટ ઉપરાંત દીપક ચાહર અને ખુદ કૅપ્ટન હાર્દિક પંડ્યા છે ત્યારે હવે અશ્વની કુમાર પણ એ બ્રિગેડમાં જોડાઈ ગયો છે. હજી તો ઇંગ્લૅન્ડના પેસ બોલર રીસ ટૉપ્લીને પણ અર્જુનની પહેલાં રમવાનો મોકો મળી શકે એમ છે. ટૉપ્લીએ કરીઅરમાં ટી-૨૦ ફૉર્મેટમાં કુલ ૨૩૩ વિકેટ લીધી છે.

એમઆઇએ આંધ્રના પચીસ વર્ષીય પેસ બોલર સત્યનારાયણ રાજુને પહેલી બન્ને મૅચમાં રમાડ્યો હતો, પણ અર્જુનને હજી સુધી એક પણ મૅચ નથી રમવા મળી. બુમરાહ કમબૅક કરશે ત્યારે ઇલેવનમાં પેસ બોલર્સમાંથી કોને સમાવવા અને કોને નહીં એનો નિર્ણય મુશ્કેલ થઈ જશે. ■

# લખનઊનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ, પંજાબને ટોચના બૅટ્સમેને જ જિતાડ્યા


લખનઊઃ અહીં ગઈ કાલે લખનઊ સુપર જાયન્ટ્સની ટીમને પંજાબ કિંગ્સે આઠ વિકેટે હરાવી હતી. લખનઊએ ખરાબ શરૂઆત કરી હતી અને બે સાધારણ ઇનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૧ રન બનાવ્યા હતા. ત્યાર બાદ પંજાબે ૧૭૨ રનના લક્ષ્યાંક સામે ૧૬.૨ ઓવરમાં બે વિકેટે ૧૭૭ રન બનાવ્યા હતા.

ઓપનર પ્રભસિમરન સિંહ (૬૯ રન, ૩૪ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) અને વનડાઉનમાં આવેલા કૅપ્ટન શ્રેયસ ઐયર (બાવન અણનમ, ૩૦ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૮૪ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર બાદ શ્રેયસ અને અગાઉ મુંબઈ ઇન્ડિયન્સ વતી રમી ચૂકેલા નેહલ વઢેરા (૪૩ અણનમ, પચીસ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૬૭ રનની અતૂટ પાર્ટનરશિપ થઈ હતી. પંજાબની બન્ને વિકેટ ઉગ્ર સ્વભાવના સ્પિનર દિગ્વેશ રાઠીએ લીધી હતી. લખનઊના શાર્દુલ, બિશ્નોઈ અને આવેશ ખાન સહિત બીજા પાંચ બોલરને વિકેટ નહોતી મળી. એ પહેલાં, લખનઊને પંજાબના બોલર્સે કાબૂમાં રાખ્યા હતા. નિકોલસ પૂરને (૪૪ રન, ૩૦ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને આયુષ બદોની (૪૧ રન, ૩૩ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) વચ્ચે ૫૪ રનની ભાગીદારી થઈ હતી. અર્શદીપ સિંહે ત્રણ વિકેટ લીધી હતી. ■

# ૨૬ વર્ષની અનન્યા પાન્ડેએ ટીનેજ વખતનો ફોટો શૅર કરીને બધાને ચકિત કરી દીધા!

## વાનખેડેના મનોરંજક પર્ફોર્મન્સ પછી સોશિયલ મીડિયામાં પણ છવાઈ ગઈ

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે આઇપીએલ-૨૦૨૫ની પ્રથમ મૅચ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વચ્ચે રમાઈ એ પહેલાં ઓપનિંગ સમારોહમાં બૉલીવૂડ-અભિનેત્રી અનન્યા પાન્ડેએ સ્ટેજ પર્ફોર્મન્સથી સૌને મોહિત કરી લીધા હતા અને આ સમારંભ બાદ ખુદ તેણે પોતાની કેટલીક જૂની તસવીરો પણ શૅર કરી હતી.




સોમવારે વાનખેડેમાં અભિનેત્રી અનન્યા પાન્ડેએ મૅચ પહેલાંના પર્ફોર્મન્સથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. (પીટીઆઇ)

અભિનેતા ચન્કી પાન્ડેની પુત્રી અને 'સ્ટૂડન્ટ ઑફ ધ યર-ટૂ'ની ઍક્ટ્રેસ અનન્યા પાન્ડેએ ક્રિકેટના માહોલ વચ્ચે જાણીતા ગીતોની ધૂન પરના ડાન્સ સ્ટેપ્સથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને સુંદર પર્ફોર્મ કરીને આ કાર્યક્રમને બૉલીવૂડ-ટચ આપ્યો હતો. તેણે અન્ય કલાકારોની મદદથી હજારો પ્રેક્ષકોને તેમ જ કરોડો ટીવી દર્શકોને મનોરંજન પૂરું પાડ્યું હતું.

બૉલીવૂડ સ્ટાર શાહરુખ ખાન કેકેઆરનો સહ-માલિક છે. અનન્યા પાન્ડે કેકેઆરની ફૅન છે અને તેણે આ રંગારંગ તથા એન્ટરટેઇનિંગ પ્રોગ્રામ બાદ સોશિયલ મીડિયામાં પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

અનન્યા ૨૬ વર્ષની છે. તેણે ઇન્સ્ટાગ્રામ-હૅન્ડલ પર આઇપીએલ વિશેનો ભૂતકાળનો અને હાલનો ફોટો શૅર કર્યો હતો. તેણે કહ્યું છે કે તે ટીનેજ વયે (૧૩ વર્ષની ઉંમરે) જેવી હતી એવી જ છે.

અનન્યાએ ટીનેજ વયના સમયનો ફોટો શૅર કર્યો છે જેમાં તે કેકેઆરના જર્સીમાં અને ચશ્મા પહેરેલી જોવા મળે છે.

અનન્યાનો એ ફોટો ૨૦૧૨ની સાલનો છે. ત્યારે તે ૧૩ વર્ષની હતી અને ત્યારે તેણે ઘણા વર્ષો બાદ બૉલીવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે ઇન્સ્ટા પર જણાવ્યું છે કે 'હું પહેલાં જેવી જ છું એટલે કે હું હજી પણ ચશ્મા પહેરું છું.'

અનન્યા પાન્ડે ફૅશનના હેતુથી તેમ જ આઇ સ્પેશિયાલિસ્ટે આપેલી સલાહ મુજબ ચશ્મા પહેરે છે. તે ક્યારેક પાતળા રિમ્ડ રાઉન્ડ ગ્લાસીસ પહેરેલી જોવા મળે છે.

અનન્યા પાન્ડેના જૂના ફોટોમાં શાહરુખ ખાન, શનાયા કપૂર, સુહાના ખાન, રિતિક રોશન અને તેના પિતા ચન્કી પાન્ડે જોવા મળે છે.

અનન્યાના વાનખેડેના પર્ફોર્મન્સ વખતે ચન્કી પાન્ડે પણ હાજર હતા. ■

# વાનખેડેની મૅચ પહેલાં માનસિક દબાણને લીધે હું જમ્યો જ નહોતો, ફક્ત એક કેળું ખાધું હતુંઃ અશ્વની કુમાર

## મુંબઈને વાનખેડેમાં ૨૦૨૫ની આઈપીએલનો પ્રથમ વિજય અપાવનાર પેસ બોલરે કહ્યું, 'મને કૅપ્ટન હાર્દિકે મારી રીતે બોલિંગ કરવાની છૂટ આપી હતી'

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ સોમવારે અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે અશ્વની કુમાર નામનું ટ્રમ્પ-કાર્ડ વાપર્યું હતું અને તેના વિક્રમજનક પર્ફોર્મન્સની મદદથી આ વખતની ટૂર્નામેન્ટમાં જીતવાનું શરૂ કરી દીધું હતું. અશ્વની (૩-૦-૨૪-૪)એ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો. તે મૅચ પહેલાં બપોરે માનસિક દબાણને કારણે જમ્યો જ નહોતો.



૨૪ વર્ષના લેફ્ટ-આર્મ પેસ બોલર અશ્વની કુમારને ફક્ત ત્રણ ઓવર કરવા મળી હતી જેમાં તેણે ૨૪ રનમાં ચાર વિકેટ લીધી હતી. તેણે આઇપીએલમાં ડેબ્યૂના પહેલા જ બૉલમાં કેકેઆરના કૅપ્ટન અજિંક્ય રહાણે (૧૧ રન) તેમ જ રિન્કુ સિંહ (૧૭ રન), મનીષ પાન્ડે (૧૯ રન) અને આન્દ્રે રસેલ (પાંચ રન)ની ચારેય મહત્ત્વની વિકેટ લીધી હતી. અશ્વની આઇપીએલની ડેબ્યૂ મૅચમાં ચાર વિકેટ લેનાર પહેલો ભારતીય બોલર બન્યો છે.

કેકેઆરની ઇનિંગ્સ બાદ ભારતના ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીએ અશ્વનીને પૂછ્યું કે 'આઇપીએલમાં આ તારી પહેલી જ મૅચ છે અને તેં ચાર વિકેટ લીધી. આ પહેલાં એક પણ ભારતીય બોલરે આઇપીએલની ડેબ્યૂ મૅચમાં ચાર વિકેટ નહોતી લીધી. લંચમાં તું શું ખાઈને આવ્યો હતો?'

અશ્વનીએ જવાબમાં કહ્યું, 'લંચ તો કિયા હી નહીં થા. બસ, એક બનાના ખા કે આ ગયા થા ક્યૂં કિ પ્રેશર ઇતના થા કિ ભૂખ નહીં લગી થી.'

રવિ શાસ્ત્રીએ અશ્વનીનો આ જવાબ સાંભળીને તેને કહ્યું, 'બહોત જબરદસ્ત! બનાના રખો બેગ મેં હંમેશાં.'

અશ્વનીની ચાર વિકેટ અને દીપક ચાહરની બે તેમ જ વિઘ્નેશ પુથુર, હાર્દિક પંડ્યા, મિચલ સૅન્ટનર અને ટ્રેન્ટ બૉલ્ટની એક-એક વિકેટને કારણે કેકેઆરની ટીમનો દાવ ૧૧૬ રનમાં સમેટાઈ ગયો હતો અને એમઆઇએ ઓપનર રાયન રિકલ્ટન (૬૨ અણનમ, ૪૧ બૉલ, પાંચ સિક્સર, ચાર સિક્સર)ની હાફ સેન્ચુરી તેમ જ સૂર્યકુમાર યાદવ (૨૭ અણનમ, નવ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) વચ્ચેની ૩૦ રનની અતૂટ ભાગીદારીની મદદથી માત્ર ૧૨.૫ ઓવરમાં બે વિકેટે ૧૨૧ રન બનાવીને આઠ વિકેટે વિજય મેળવી લીધો હતો.

અશ્વની કુમાર પંજાબના મોહાલી શહેરનો છે. તેને ફક્ત બે ટી-૨૦ મૅચનો અનુભવ છે. તેણે સોમવારે એવું પણ કહ્યું હતું કે કૅપ્ટન હાર્દિક પંડ્યાએ તેને કહ્યું હતું કે આ તેની પહેલી જ મૅચ છે એટલે તું એન્જૉય કરીને રમજે અને જે રીતે બોલિંગ કરતો રહ્યો છે એ જ રીતે કરજે.

અશ્વની કુમારને એમઆઇએ માત્ર ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદ્યો છે. ■

# અશ્વની કુમાર ઑટોમાં જવા 30 રૂપિયા ઉધાર લેતો, હવે 30 લાખ રૂપિયામાં એમઆઇને જિતાડી રહ્યો છે!

## એમઆઇના મૅચ-વિનરને મિત્રો બૉલ ખરીદી આપતા, હવે તેણે બૉલ ખરીદીને ગામના બાળકોમાં વહેંચ્યા

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે ડેબ્યૂ મૅચમાં માત્ર ત્રણ ઓવરમાં ૨૪ રનના ખર્ચે ચાર વિકેટ લઈને આઇપીએલમાં ભારત માટે નવો વિક્રમ રચનાર ૨૪ વર્ષનો લેફ્ટ-આર્મ પેસ બોલર અશ્વની કુમાર ખૂબ સંઘર્ષ કરીને આ સ્તર સુધી પહોંચ્યો છે. એક સમય હતો જ્યારે અશ્વની ઑટોરિક્ષા માટે ૩૦ રૂપિયા ઉધાર લેતો હતો.



એક તરફ એમઆઇના જ કેરળવાસી યુવાન સ્પિનર વિઘ્નેશ પુથુરના સંઘર્ષભર્યા જીવનની વાત થઈ રહી છે ત્યારે હવે સોમવારના મૅન ઑફ ધ મૅચ અશ્વની (૩-૦-૨૪-૪)ના અંગત જીવનમાં પણ ડોકિયું કરવાનો સમય આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે કેરળના વિઘ્નેશ પુથુરના પિતા ઑટોરિક્ષા ચલાવે છે.

ફરી અશ્વનીની વાત પર આવીએ તો તેના પિતા હરકેશ કુમારે એક મુલાકાતમાં જણાવ્યું છે કે 'મારો દીકરો ક્રિકેટની રમત પ્રત્યે સમર્પિત છે. તે પોતાનું હુન્નર બતાવવા માટે કોઈ કસર બાકી નથી રાખતો. વરસાદ હોય કે અસહ્ય ગરમી, તે ટ્રેઇનિંગમાં જવાનું ક્યારેય નથી ચૂકતો. મોહાલીના પંજાબ ક્રિકેટ ઍસોસિયેશનમાં તાલીમ-પ્રૅક્ટિસ હોય કે મુલ્લાંપુરના નવા સ્ટેડિયમમાં, અશ્વની ત્યાં સમયસર પહોંચી જવાનું ક્યારેય નથી ચૂકતો. ક્યારેક તે સાઇકલ પર પીસીએની ઍકેડેમીમાં જતો હતો અને ક્યારેક શૅરિંગ ઑટોરિક્ષામાં બેસીને પણ ત્યાં પહોંચી જતો હતો.'

હરકેશ કુમારે પુત્ર અશ્વની કુમાર વિશે વધુમાં કહ્યું, 'મને યાદ છે, તે ઑટોરિક્ષામાં જવા મારી પાસે ૩૦ રૂપિયા લેતો હતો. મુંબઈ ઇન્ડિયન્સે તેને ૩૦ લાખ રૂપિયામાં ખરીદ્યો ત્યારે મને થયું કે તેનો એક-એક પૈસો કીમતી છે. હવે તેની પ્રત્યેક વિકેટ બાદ હું તેના સંઘર્ષભર્યા દિવસોને યાદ કરી લઉં છું. મને યાદ છે, તે ટ્રેઇનિંગ કરીને રાત્રે ૧૦.૦૦ વાગ્યે ઘરે પાછો આવતો હતો અને સવારે પાંચ વાગ્યે ઉઠીને પાછો તાલીમ લેવા જતો રહેતો હતો.'

એમઆઇનો મુખ્ય બોલર જસપ્રીત બુમરાહ તેમ જ ઑસ્ટ્રેલિયાના ટોચના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અને આ વખતે આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સ વતી રમતા મિચલ સ્ટાર્ક સોમવારના મૅચ-વિનર અશ્વની કુમારના રોલ મૉડેલ છે.

અશ્વનીના મોટા ભાઈ શિવ રાણાએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે, 'અશ્વની હંમેશાં બુમરાહ અને સ્ટાર્ક જેવો બોલર બનવા માગે છે. એક સમય હતો જ્યારે અશ્વની માટે તેના મિત્રો બૉલ ખરીદવા માટે પૈસા એકઠાં કરતા હતા અને તેને બૉલ લઈ આપતા હતા. હવે એમઆઇ દ્વારા ૩૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો ત્યારે મારા ભાઈએ સૌથી પહેલાં અમારા ગામની નજીકની ક્રિકેટ ઍકેડેમીઓમાં ક્રિકેટ કિટ અને બૉલ વહેંચ્યા હતા. તે મને હંમેશાં કહેતો હોય છે કે એક દિવસ એવો આવશે જ્યારે અમારા ગામના બાળકો તેના નામવાળી જર્સી પહેરશે. સોમવારના તેના પર્ફોર્મન્સ પરથી અમને તેની એ વાત સાચી પડશે એવું લાગી રહ્યું છે.' ■

# દસ કા દમઃ મુંબઈ ઇન્ડિયન્સ એક જ ટીમ સામે એક જ મેદાન પર ૧૦ મૅચ જીતનારી પ્રથમ ટીમ

## સૂર્યકુમાર આઈપીએલમાં ૮,૦૦૦ રન પૂરા કરનાર સેકન્ડ-ફાસ્ટેસ્ટ બૅટ્સમૅન

મુંબઈઃ આઈપીએલના ઇતિહાસમાં કોઈ ટીમે એક જ ગ્રાઉન્ડ પર કોઈ એક ટીમ સામે ૧૦ મૅચમાં વિજય મેળવ્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે અને એ સિદ્ધિ મુંબઈ ઇન્ડિયન્સે સોમવારે વાનખેડે સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઇડર્સ સામે મેળવી.

સોમવારની મૅચ પહેલાં વાનખેડેમાં એમઆઈનો કેકેઆર સામે ૯-૨નો રેકૉર્ડ હતો અને સોમવારે આઠ વિકેટે મેળવેલા વિજય સાથે એ રેકૉર્ડ વધીને ૧૦-૨નો થઈ ગયો.

આ રેકૉર્ડ-બુકમાં કોલકાતા બીજા નંબરે છે. ઈડન ગાર્ડન્સમાં પંજાબ સામે કોલકાતાનો ૯-૪નો હાર-જીતનો રેશિયો છે. એક જાણીતી ક્રિકેટ વેબસાઇટની માહિતી મુજબ ઈડન ગાર્ડન્સમાં જ બેંગલૂરુ સામે કોલકાતા ૮-૫ના રેશિયો સાથે ત્રીજા સ્થાને છે.

**કેકેઆર સામે એમઆઈની ૨૪ જીત, મોટો રેકૉર્ડઃ** આઈપીએલમાં એક જ હરીફ સામે સૌથી વધુ મૅચ જીતવામાં પણ મુંબઈ ઇન્ડિયન્સ મોખરે છે. કોલકાતા સામે મુંબઈએ ૩૫ મુકાબલામાં ૨૪ જીત હાંસલ કરી છે. ૧૧ વખત કોલકાતા જીત્યું છે.

**ફાસ્ટેસ્ટ અલ્ઝારી પછી સૂર્યકુમાર બીજા નંબરેઃ** મુંબઈ ઇન્ડિયન્સનો સૂર્યકુમાર યાદવ આઈપીએલમાં ૮,૦૦૦ રન પૂરા કરનાર બીજા નંબરનો ફાસ્ટેસ્ટ બૅટ્સમૅન બન્યો છે. તેણે ૮,૦૦૦ રન ૫,૨૫૬ બૉલમાં કર્યા છે. આ લિસ્ટમાં આન્દ્રે રસેલ ફાસ્ટેસ્ટ છે. તેણે ૪,૭૪૯ બૉલમાં ૮,૦૦૦ રન પૂરા કર્યા હતા. સૂર્યકુમારે સોમવારે વાનખેડેમાં કોલકાતા સામે નવ બૉલમાં ૨૭ રન કર્યા ત્યારે આ વિરલ સિદ્ધિ મેળવી હતી.

**ડેબ્યૂ બૉલમાં વિકેટ લેનાર અશ્વની ૧૪મો બોલરઃ** એમઆઈનો અશ્વની કુમાર આઈપીએલમાં પોતાના પહેલા જ બૉલમાં વિકેટ લેનાર ૧૪મો ખેલાડી બન્યો છે. સોમવારે તેણે વાનખેડેમાં કેકેઆરના કેપ્ટન અજિંક્ય રહાણેને પોતાના પ્રથમ બૉલમાં આઉટ કર્યો હતો.

**બૉલ્ટની ૩૦મી વિકેટ પ્રથમ ઓવરમાં, અનોખો રેકૉર્ડ**

મુંબઈ ઇન્ડિયન્સના લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર ટ્રેન્ટ બૉલ્ટે આઈપીએલમાં કુલ ૩૦ વિકેટ એવી લીધી છે જે તેણે અત્યાર સુધીમાં રમેલી મૅચોમાં પહેલી જ ઓવરમાં મેળવી છે. આ સિદ્ધિ હાંસલ કરનાર તે આઈપીએલનો પહેલો જ બોલર છે.

**બૉલ્ટે પાંચમી વાર પણ નારાયણને આઉટ કર્યો**

ટ્રેન્ટ બૉલ્ટનો કોલકાતાના સુનીલ નારાયણે અત્યાર સુધીમાં પાંચ વખત મુકાબલો કર્યો છે અને નારાયણ પાંચેય વાર બૉલ્ટનો શિકાર થયો છે. ■

# કેમ અમારી પાસે હૈદરાબાદની મૅચની હજારો ટિકિટો માગી?

## કાવ્યા મારનના ટીમ મૅનેજમેન્ટનો ક્રિકેટ ઍસોસિયેશન સામે આક્ષેપ

હૈદરાબાદઃ ૨૦૨૪ની આઇપીએલમાં એક પછી એક મૅચમાં ધમાકેદાર પર્ફોર્મ કરનાર સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ની ટીમ આ વખતે પહેલી મૅચમાં ૨૮૬ રનનો સેકન્ડ-બેસ્ટ સ્કોર નોંધાવ્યા પછી પાણીમાં બેસી ગઈ છે અને ઉપરાઉપરી બે મૅચ હારી ગઈ છે ત્યારે આ નાજુક સ્થિતિમાં આ ટીમની મૅચોને લઈને એવો વિવાદ જાગ્યો છે જેમાં ખુદ ટીમની માલિક કાવ્યા મારનનું નામ સંકળાયેલું છે. મામલો હૈદરાબાદની મૅચની ૩,૯૦૦ ટિકિટોને લગતો છે.

વાત એવી છે કે સનરાઇઝર્સ હૈદરાબાદની મૅચોની ટિકિટોને લઈને મોટો વિવાદ થયો છે. આ વિવાદ એસઆરએચની માલિક કાવ્યા મારન અને હૈદરાબાદ ક્રિકેટ ઍસોસિયેશન (એચસીએ) વચ્ચેનો છે અને આ વિવાદ છેક બીસીસીઆઇ સુધી પહોંચી ગયો છે. હૈદરાબાદની ટીમના મૅનેજમેન્ટે એવો આક્ષેપ કર્યો છે કે એચસીએના મેમ્બર્સે ગેરવર્તન કર્યું છે અને ઍસોસિયેશનના પ્રમુખ સતતપણે તેમની પાસે મૅચની ટિકિટો માગી રહ્યા છે. આ આક્ષેપો કરીને સનરાઇઝર્સે આ સંબંધમાં બીસીસીઆઇને એક ઇમેઇલ પણ મોકલ્યો છે તેમ જ આઇપીએલની ગવર્નિંગ કાઉન્સિલને જણાવ્યું છે કે એચસીએ દ્વારા તેમને (હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીને) બ્લૅકમેઇલ કરવામાં આવી રહ્યા છે. જોકે ક્રિકેટ ઍસોસિયેશને સનરાઇઝર્સના મૅનેજમેન્ટને જૂઠું ગણાવ્યું છે ઍસોસિયેશને અખબારી યાદીમાં જણાવ્યું છે કે 'એચસીએના પ્રમુખ એ. જગન મોહન રાવે સનરાઇઝર્સ હૈદરાબાદની મૅચની ૩,૯૦૦ ટિકિટો અંગત રીતે ખરીદવાની કોઈ જ માગણી નથી કરી. ■

